www.edumatireals.in

**ધોરણ** :– 6 **કુલ ગુણ** :– 80

**વિષય** :– વિજ્ઞાન અને ટેક્નોલોજી

**પ્ર.૧ નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને લખો.** **[30]**

(1) ચુંબક પર ઉત્તર ધ્રુવ દર્શાવવા કયો અંગ્રેજી મૂળાક્ષર લખેલ હોય છે ?
(A) N (B) S (C) U (D) W

(2) ગજિયા ચુંબકનો આકાર કેવો હોય છે ?
(A) લંબઘન પટ્ટી જેવો (B) નળાકાર (C) ઘોડાની નાળ જેવો (D) કંકણાકાર

(3) કઈ ધાતુ ચુંબક વડે આકર્ષાતી નથી.
(A) લોખંડ (B) કોબાલ્ટ (C) તાંબુ (D) નિકલ

(4) દેડકો નીચેનામાંથી કઈ લાક્ષણિકતા ધરાવે છે ?
(A) શ્વસન (B) સંવેદના (C) પ્રચલન (D) આપેલ ત્રણેય

(5) આપણા હાથનો સ્પર્શ થતા કયા છોડના પાન બીડાઈ જાય છે ?
(A) ગુલાબના (B) લજામણીના (C) બારમાસીના (D) સૂર્યમુખીના

(6) વનસ્પતિનું શ્વસન અંગ કયું છે ?
(A) મૂળ (B) પ્રકાંડ (C) પર્ણ (D) પુષ્પ

(7) નીચેના પૈકી કયો ક્ષાર છે ?
(A) ખાંડ (B) લીબુના ફુલ (C) મીઠુ (D) ચુનો

(8) ફિનોલ્ફથલીન બેઈઝના દ્રાવણ સાથે કયો રંગ આપે છે ?
(A) લાલ (B) ભુરો (C) ગુલાબી (D) પીળો

(9) સખત પાણીને નરમ બનાવવા કયો પદાર્થ વપરાય છે ?
(A) સાબુ (B) મીઠુ (C) ધોવાના સોડા (D) કોસ્ટિક સોડા

(10) નીચેના પૈકી કયુ દ્વિદળી બીજ છે ?
(A) જુવાર (B) ઘઉ (C) મગ (D) મકાઈ

(11) શાના બીજનો ફેલાવો પવન દ્વારા થાય છે ?
(A) વટાણા (B) રજકો (C) આંકડો (D) તકમરિયા

(12) શાના બીજનો ફેલાવો પ્રાણીઓ દ્વારા થાય છે ?
(A) આંકડો (B) ગાડરુ (C) નારિયેળી (D) કણજી

(13) નારિયેળી કયા પ્રકારની વનસ્પતિ છે ?
(A) છોડ (B) વૃક્ષ (C) ક્ષુપ (D) વેલો

(14) કઈ વનસ્પતિ તુતુમય મૂળ ધરાવે છે ?
(A) આસોપાલવ (B) જાસુદ (C) જુવાર (D) લીમડો

(15) કઈ વનસ્પતિ સંયુક્ત પર્ણ ધરાવે છે ?
(A) પીપળો (B) વડ (C) કેળ (D) લીમડો

(16) નીચેના પૈકી કયો પાણીનો સ્ત્રોત નથી ?
(A) નદી (B) સરોવર (C) આકાશ (D) વરસાદ

(17) પાણીમાંથી વરાળ બનવાની ક્રિયાને શું કહે છે ?
(A) ગાળણ (B) બાષ્પીભવન (C) ઘનીભવન (D) ઉત્કલન

(18) વરાળ બીજા કયા નામથી ઓળખાય છે?
(A) વાયુ (B) વાદળ (C) બાષ્પ (D) વરસાદ

(19) રમતગમતની સ્પર્ધામાં વપરાતી ખાસ પ્રકારની ઘડિયાળ શું કહે છે ?
(A) ડિઝિટલ ઘડિયાળ (B) સ્ટોપવોચ (C) રિસ્ટવોચ (D) ક્લોક

(20) સમયનો પ્રમાણભુત એકમ કયો છે ?
(A) કલાક (B) દિવસ (C) વર્ષ (D) સેકન્ડ

(21) સેન્ટિમીટર કરતા નાનો એકમ કયો છે ?
(A) કિલોમીટર (B) મીટર (C) સેન્ટિમીર (D) મિલિમીટર

Download From : http://www.edumatireals.in

www.edumatireals.in

(22) દાદર કયા પ્રકારનુ સાદુ યંત્ર છે ?

(A) ઉચ્ચાલન (B) સ્ક્રૂ (C) ઢાળ (D) ફાચર

(23) પૈડુ જેના પર બેસાડવામાં આવે છે. તેને શું કહે છે ?

(A) ગરગડી (B) ચક્ર (C) ધરી (D) જેક

(24) નીચેનામાંથી કયુ જટિલ યંત્ર છે.

(A) સાણસી (B) સુડી (C) કાતર (D) ટાઈપરાઈટર

(25) નીચેનામાંથી કયા પદાર્થનો પડછાયો પડે નહિ ?

(A) કાચ (B) અરીસો (C) લાકડી (D) વાદળ

(26) પ્રકાશનું કૃત્રિમ ઉદગમસ્થાન કયુ છે ?

(A) તારા (B) સૂર્ય (C) અગિયો (D) ફાનસ

(27) નીચેનામાંથી પારદર્શક પદાર્થ કયો છે ?

(A) હવા (B) અરીસો (C) ડહોળુ પાણી (D) લીસો આરસપહાણ

(28) સિસોટીમાંથી શાની ધ્રુજારીથી અવાજ ઉત્પન્ન થાય છે ?

(A) હવા (B) ચામડાનું પડ (C) ધાતુ (D) તાર

(29) પડઘો શાના કારણે ઉત્પન્ન થાય છે ?

(A) અવાજના પરાવર્તનથી (B) તરંગો ઉત્પન્ન થવાથી

(C) આવાજના માધ્યમમાં પ્રસરણથી (D) અસ્તવ્યસ્ત અવાજો ભેગા થવાથી

(30) અવાજનું પ્રસરણ શામાં થઈ શકતુ નથી ?

(A) હવા (B) તાર (C) પાણી (D) શૂન્યાવકાશ

**પ્ર.૨ નીચેના પ્રશ્નોના એક વાકયમાં જવાબ લખો : (ગમે તે દસ)** **[10]**

(1) વિમાનમાં દિશા જાણવા કયું સાધન વપરાય છે ?

(2) સજીવનાં પોતાની જાતે એક જગ્યાએથી બીજી જગ્યાએ જવાની ક્રિયાને શું કહે છે ?

(3) એસિડ અને બેઈજ વચ્ચે તટસ્થીકરણની પ્રક્રિયા થવાથી કયા પદાર્થો ઉત્પન્ન થાય છે ?

(4) બીજને ઉગવા માટે કયા કયા પરિબળો જરૂરી છે ?

(5) પર્ણના મુખ્ય બે પ્રકાર જણાવો.

(6) પ્રવાહોની બાષ્પ બનવાની ક્રિયાને શું કહે છે ?

(7) 1 કિલોમીટર બરાબર કેટલા મીટર થાય ?

(8) કુહાડી કયા પ્રકારનું સાદુ યંત્ર છે ?

(9) પ્રકાશનું ઉદગમસ્થાન એટલે શું ?

(10) તમારી આસપાસના અવાજ તમને કયા માધ્યમ દ્વારા સંભળાય છે ?

(11) એક સાથે વિવિધ અસ્તવ્યસ્ત અવાજો ભેગા થાય તેને શ કહે છે ?

(12) યંત્રવિજ્ઞાનની શોધોમાં કઈ શોધ માનવજીવનની ખુબ જ મહત્વની જણાય છે ?

**પ્ર.3 નીચેના પ્રશ્નોનાં ટૂંકમાં ઉતર લખો : (ગમે તે પાંચ)** **[10]**

(1) જમીન પર પડેલા ચુંબક પર કેટલાક નાના–નાના કણો ચોટી જાય છે. આ કણો શાના હોય છે ?

(2) બેઈઝના બે ગુણધર્મો જણાવો.

(3) જળસંચયનની વિવિધ રીતો જણાવો.

(4) પહેલાના સમયમાં લોકો લંબાઈ માપવા શાનો ઉપયોગ કરતા હતા ?

(5) રસોડામાં વપરાતા કોઈ પાંચ સાદા યંત્રોના નામ આપો.

(6) પ્રકાશનુ ઉદગમસ્થાન એટલે શું ? તેના પ્રકાર ઉદા.આપી જણાવો.

(7) ધ્વનિશોષક પદાર્થોનાં નામ જણાવો.

**પ્ર.4 (અ) વ્યાખ્યા આપો : (કોઈપણ પાંચ)** **[05]**

(1) પ્રજનન (2) એકદળી બીજ (3) સાદુયંત્ર

(4) વેલા (5) ક્ષેત્રફળ (6) પારદર્શક પદાર્થ

**(બ) નીચેનાનું સજીવ અને નિર્જીવમાં વર્ગીકરણ કરો :** **[02]**

ગુલાબનો છોડ, રોબોટ, ઉઘતો કુતરો, રેડિયો, કબુતર, સાઈકલ

Download From : http://www.edumatireals.in

www.edumatireals.in

(ક) **નીચેના સાધનોનું સાદાયંત્ર અને જટિલ યંત્રોમાં વર્ગીકરણ કરો :** **[02]**

ચિપીયો, સ્કુટર, સીવવાનો સંચો, સાઈકલ, ટાઈપરાઈટર, કેરી કાપવાનો સુડો

(ડ) **તફાવત આપો : (ચાર માંથી ત્રણ)** **[06]**

(1) એસીડ–બેઈઝ (2) અનાજ–કઠોળ

(3) સોટીમય મુળતંત્ર – તંતુમય મુળતંત્ર (4) છોડ – ક્ષુપ

પ્ર.5 **(અ) વૈજ્ઞાનિક કારણો આપી સમજાવો : (કોઈપણ પાંચ)** **[10]**

(1) મોટી નદિ પર બંધ બાધવામાં આવે છે.

(2) જળ એ જ જીવન છે.

(3) દર પુનમે ચંદ્ર ગ્રહણની ઘટના બનતી નથી.

(4) ચોમાસામાં જવા ત્યાં વનસ્પતિ ઉગી નીકળે છે.

(5) કેટલાક સ્થળે મકાનની ભીત પર કે કુવાની બપોલમાં પીપળો ઉગેલો જોવા મળે છે.

(6) ચંદ્ર પ્રકાશ આપે છે, પરંતુ તે પ્રકાશનું ઉદ્‌ગમ સ્થાન ગણાતો નથી.

**(બ)** બીજને ઉગવા માટે ચોકકસ પ્રમાણમાં હવા, પાણી અને ગરમી જરૂરી છે. તે સાબિત કરતો પ્રયોગ લખોઃ **[5]**

**અથવા**

જળચ્રકની આકૃતિ દોરી જળચક્રની ટુંકનોંધ લખો.

Download From : http://www.edumatireals.in